DNN-002-002201 Seat No. ________

# M. Com. (Sem. II) (CBCS) Examination

## May / June – 2015

## CORE-4 : Corporate Accounting

**Faculty Code : 002**
**Subject Code : 002201**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

સૂચના : MCQ પ્રશ્નોના ઉત્તરો ઉત્તરવહીમાં લખો.

**વિભાગ - ૧**

૧ MCQ **20**

(૧) સીમાંત પડતર એ __________ પડતરથી પણ ઓળખાય છે.

(A) ફેરફાર પડતર (B) ગૌણ પડતર

(C) વધારાની પડતર (D) આર્થિક પડતર

(૨) જ્યાં પડતર અને આવક સરખા થાય તેવી કક્ષાને __________ કહે છે.

(A) ફાળો (B) BEP

(C) નફા કવરેજ (D) MOS

(૩) વર્તમાન નફા-જથ્થા ગુણોત્તર 40% છે. જો વર્તમાન વેચાણ કિંમત 10% ઘટાડવામાં આવે તો ચાલુ પરિસ્થિતિને પહોંચી વળવા વેચાણ જથ્થો કેટલો વધારવો જોઈએ ?

(A) 5% (B) 33.33%

(C) 40% (D) 20%

(૪) પેઢી વસ્તુ પોતે ઉત્પન્ન કરવાનો અથવા બહારથી સપ્લાયર પાસેથી ખરીદવાનો નિર્ણય લે, આ પ્રકારના નિર્ણયને ________ કહે છે.

(A) બનાવવું કે ખરીદવું (B) વિસ્તૃતિકરણ

(C) બંધ કરવું (D) વૈવિધ્યતા

(૫) ALM એ ________નો નાણાકીય સંસ્થાઓ માટેનો ભાગ છે.

(A) નાણાકીય સંચાલન પ્રક્રિયા (B) ખાનગી પ્રક્રિયા

(C) કર્મચારી પ્રવૃત્તિ (D) ઉપરનામાંથી એક પણ નહીં

(૬) મિલકત-દેવાં સંચાલનમાં કઈ મૂડી ચાલુ મિલકતોનું પ્રમાણ દર્શાવે છે ?

(A) સ્થિર મૂડી (B) ઉછીની મૂડી

(C) કાર્યશીલ મૂડી (D) લાંબાગાળાની મૂડી

(૭) વ્યાજનું જોખમ, શાખનું જોખમ, આકસ્મિક જોખમ વિ. ________ જોખમમાં આવે છે.

(A) મિલકતનું જોખમ (B) જવાબદારી/દેવાંનું જોખમ

(C) નાણાકીય જોખમ (D) સંચાલકીય જોખમ

(૮) વર્તમાન સમયમાં વિશ્વમાં વધુમાં વધુ ઉત્પાદન ________ લક્ષી હોય છે.

(A) જવાબદારી (B) ખર્ચાઓ

(C) મૂડી (D) મિલકતો

(૯) કોઈ એક ધંધાકીય એકમમાં નાણાકીય પત્રકમાં નીચે પૈકી કઈ અસર દર્શાવવામાં આવતી નથી ?

(A) અંકુશિત પરિબળોની અસર (B) આંતરિક પરિબળોની અસર

(C) બાહ્ય પરિબળોની અસર (D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

(૧૦) નીચેનાં પૈકી કઈ નાણાકીય પત્રકોનાં વિશ્લેષણની પદ્ધતિ નથી ?

(A) ગુણોત્તર વિશ્લેષણ (B) સામાન્ય માપનાં પત્રકો

(C) આર્થિક મૂલ્ય વૃદ્ધિ પત્રક (D) તુલનાત્મક પત્રકો

(૧૧) સામાન્ય માપનાં પત્રકો નીચે પૈકી કયાં પ્રકારનું વિશ્લેષણ ગણાય છે ?

(A) ગતિશીલ વિશ્લેષણ (B) આંતરિક વિશ્લેષણ

(C) બાહ્ય વિશ્લેષણ (D) સ્થૈતિક (static) વિશ્લેષણ

(૧૨) દેવાદારો, ભાવિ રોકાણકારો અને ખાનગી એજન્સીઓ વિ. દ્વારા કરવામાં આવતા નાણાકીય વિશ્લેષણોને ________ કહે છે.

(A) આંતરિક વિશ્લેષણો (B) સતત વિશ્લેષણો

(C) બાહ્ય વિશ્લેષણો (D) સ્થૈતિક વિશ્લેષણો

(૧૩) ભારતીય હિસાબી ધોરણ AS-21 નીચેનામાંથી __________ ને લાગુ પડે છે.

(A) વિદેશી ગૌણ કંપની

(B) ભારતીય ગૌણ કંપની

(C) ઉપરના (A) અને (B) બન્ને

(D) ઉપરના (A) અને (B) માંથી કોઈને નહિ

(૧૪) શાસક કંપની અને ગૌણ કંપનીનો સંબંધ પ્રસ્થાપિત કરવા માટે નીચેનામાંથી કોને મુખ્ય આધાર કહેવાય ?

(A) ડિવિડન્ડનો દર

(B) મતાધિકાર ધરાવતા શેરની સંખ્યા

(C) સત્તાવાર શેર-થાપણ

(D) મેનેજિંગ ડિરેક્ટરની સંખ્યા

(૧૫) ભારતીય કુ.ના કાયદા મુજબ એકત્રિત પાકું સરવૈયુ તૈયાર કરતી વખતે કઈ કલમ લાગુ પડે છે ?

(A) કલમ-213 (B) કલમ-212

(C) કલમ-214 (D) ઉપરનામાંથી એક પણ નહિ

(૧૬) રમા લિમિટેડે ભાવના લિ.ના 1,00,000 ઈક્વિટી શેરોમાંથી 60,000 ઈક્વિટી શેરો ખરીદ્યા છે. તો શાસક કંપનીનું હિત શું હશે ?

(A) 60% (B) 40%

(C) 100% (D) એક પણ નહિ

(૧૭) પંજવાણી રિપોર્ટના આધારે રાષ્ટ્રનાં કોર્પોરેટ ગવર્નન્સમાં ભારતનું સ્થાન 2004ના વર્ષ માટે એશિયામાં કેટલામું છે ?

(A) ત્રીજું સ્થાન (B) પહેલું સ્થાન

(C) ચોથું સ્થાન (D) બીજું સ્થાન

(૧૮) ઈ.સ. 2003ના વર્ષનો શ્રેષ્ઠ કોર્પોરેટ ગવર્નન્સનો એવોર્ડ ખાનગી ક્ષેત્રમાં બે કંપનીઓને આપવામાં આવેલો તે કઈ કઈ કંપનીઓ છે ?

(A) ટાટા મોટર્સ લિમિટેડ

(B) ટાટા સ્ટીલ લિમિટેડ

(C) HDFC લિ. (Housing Dev. Fin. Corpo) અને
રિલાયન્સ ઈન્ડ. લિ.

(D) બીરલા સિમેન્ટ લિ.

(૧૯) 2004માં કોર્પોરેટ ગવર્નન્સમાં એશિયાની પ્રથમ દસ કંપનીમાં સૌ પ્રથમ સ્થાન ભારતની કઈ કંપનીને ફાળે જાય છે ?

(A) ઈન્ફોસીસ લિ. (B) વિપ્રો કંપની લિ.

(C) રિલાયન્સ ઈન્ડ. લિ. (D) ટાટા મોટર્સ લિ.

(૨૦) 2003નો કોર્પોરેટ ગવર્નન્સમાં લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ ______ને એનાયત કરવામાં આવેલ.

(A) અનિલ અંબાણી (B) કુમાર મંગલમ બીરલા

(C) શ્રી રતન ટાટા (D) પ્રેમજી અઝીઝ

## વિભાગ - ૨

**2** તા. ૩૧-૩-૨૦૦૬ના રોજનાં અંકિત કંપની લિ. અને જીત કંપની લિ.નાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે : **૧૩**

| જવાબદારી | અંકિત કં. લિ. રૂ. | જીત કં. લિ. રૂ. | મિલકતો | અંકિત કં. લિ. રૂ. | જીત કં. લિ. રૂ. |
|---|---|---|---|---|---|
| ઈ. શૅર દરેક રૂ. ૧૦નો | ૪,૦૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ | મકાન | ૩,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| | | | યંત્રો | ૧,૦૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| ૧૦%ના પ્રેફ. શૅર દરેક રૂ. ૧૦૦નો | - | ૧,૦૦,૦૦૦ | જીત લિ.ના શૅર | ૧,૫૦,૦૦૦ | - |
| સામાન્ય અનામત | ૫૦,૦૦૦ | ૨૦,૦૦૦ | જીત લિ.ના ડિબેન્ચર (મૂળ કિંમતે) | ૩૦,૦૦૦ | - |
| ન.નુ. ખાતું | ૮૦,૦૦૦ | ૩૦,૦૦૦ | દેવાદારો | ૪૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| ૧૦%ના ડિબેન્ચર | ૮૦,૦૦૦ | ૪૦,૦૦૦ | સ્ટૉક | ૩૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| લેણદારો | ૭૦,૦૦૦ | ૨૦,૦૦૦ | જીત લિ. પાસે લેણાં | ૧૨,૦૦૦ | - |
| અંકિત લિ.ને ચૂકવવાનાં બાકી | - | ૧૦,૦૦૦ | રોકડ-બૅન્ક | ૧૮,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| | ***૬,૮૦,૦૦૦*** | ***૪,૭૦,૦૦૦*** | | ***૬,૮૦,૦૦૦*** | ***૪,૭૦,૦૦૦*** |

વધારાની માહિતી :

(૧) અંકિત લિ.એ જીત લિ.ના ૮૦% શૅર તા. ૧-૪-૨૦૦૫ના રોજ ખરીદ્યા હતા.

(૨) જીત લિ.એ તા. ૨૩-૩-૨૦૦૬ના રોજ રૂ. ૩,૦૦૦નો ચેક મોકલેલ જે અંકિત લિ.ને તા. ૪-૪-૨૦૦૬ના રોજ મળ્યો.

(૩) તા. ૩૧-૩-૨૦૦૬ના રોજ પૂરા થતા વર્ષનો જીત લિ.નો નફો રૂ. ૨૦,૦૦૦ હતો.

(૪) તા. ૧-૪-૨૦૦૫ પછી જીત લિ.ના સામાન્ય અનામતમાં વધારો થયો નથી.

એકત્રિત પાકાં સરવૈયાં તૈયાર કરો.

**અથવા**

2 રવિ કંપની લિ. અને તેની ગૌણ કંપની મયંક કંપની લિ.ના તા. ૩૧-૩-૨૦૧૧ના રોજનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે : ૧૩

| જવાબદારી | રવિ કં. લિ. રૂ. | મયંક કં. લિ. રૂ. | મિલકતો | રવિ કં. લિ. રૂ. | મયંક કં. લિ. રૂ. |
|---|---|---|---|---|---|
| ઈ. શૅરમૂડી દરેક | | | જમીન-મકાન | ૫,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| રૂ. ૧૦૦નો શૅર | ૨૫,૦૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ | મશીનરી | ૧૫,૦૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ |
| ૧૫%ની પ્રેફ. | | | ફર્નિચર | ૧,૦૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| શૅરમૂડી | ૫,૦૦,૦૦૦ | - | રોકાણો | ૧૦,૦૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૩,૦૦,૦૦૦ | - | સ્ટૉક | ૪,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| ન.નુ. ખાતું | ૪,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | દેવાદારો | ૩,૫૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| લેણદારો | ૨,૦૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ | લેણીહૂંડીઓ | ૫૦,૦૦૦ | ૨૫,૦૦૦ |
| દેવીહૂંડીઓ | ૧,૦૦,૦૦૦ | ૫૦,૦૦૦ | બૅન્ક સિલક | ૧,૦૦,૦૦૦ | ૭૫,૦૦૦ |
| | ૪૦,૦૦,૦૦૦ | ૨૦,૦૦,૦૦૦ | | ૪૦,૦૦,૦૦૦ | ૨૦,૦૦,૦૦૦ |

**વધારાની માહિતી :**

(૧) રવિ લિ.એ તા. ૧લી ઑક્ટોબર, ૨૦૧૦ના રોજ મયંક લિ.ના ૯,૦૦૦ ઈ. શૅર રૂ. ૯,૦૦,૦૦૦માં ખરીદ્યા હતા.

(૨) તા. ૧લી એપ્રિલ, ૨૦૧૦ના રોજ મયંક લિ.ના ચોપડે નીચે મુજબ બાકીઓ હતી. ન.નુ. ખાતું (ઉધાર બાકી = ખોટ) રૂ. ૨,૦૦,૦૦૦ અને મશીનરી ખાતું રૂ. ૧૦,૦૦,૦૦૦.

(૩) રવિ લિ.એ મયંક લિ.ના શૅર ખરીદ્યા ત્યારે મયંક લિ.ની મશીનરીની કિંમત રૂ. ૮,૦૦,૦૦૦ આંકેલ હતી, પરંતુ તેની અસર પાકાં સરવૈયાંમાં આવેલ નથી.

(૪) મયંક લિ.ના સ્ટૉકમાં રૂ. ૭૫,૦૦૦નો સ્ટૉક રવિ લિ. પાસેથી ખરીદેલ માલનો છે જેનાં પર તેમણે પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવેલ હતો. તા. ૩૧-૩-૨૦૧૧ સુધીમાં આ માલ પેટે મયંક લિમિટેડે ૩/૫ જેટલી રકમ ચૂકવી છે.

(૫) રવિ કંપની લિ. દ્વારા મયંક લિ. ઉપર લખાયેલ રૂ. ૨૫,૦૦૦ની લેણીહૂંડીઓ છે, જે પૈકી રૂ. ૧૦,૦૦૦ની હૂંડીઓ બૅન્કમાં વટાવેલી છે.

રવિ કંપની લિ.ના ચોપડે જરૂરી ગણતરી દર્શાવી એકત્રિત પાકાં સરવૈયાં તૈયાર કરો.

3 સંતોષ લિ.ના વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫નાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે. તેના પરથી તુલનાત્મક પાકાં સરવૈયાં બનાવો અને કંપનીની નાણાકીય સ્થિતિ પર વિવેચન કરો. ૧૩

*તા. ૩૧ ડિસેમ્બરના રોજનાં પાકાં સરવૈયાં*

| *જવાબદારીઓ* | *૨૦૦૪* રૂ. | *૨૦૦૫* રૂ. | *મિલકતો* | *૨૦૦૪* રૂ. | *૨૦૦૫* રૂ. |
|---|---|---|---|---|---|
| શેરમૂડી | ૩,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | જમીન-મકાન | ૧,૮૫,૦૦૦ | ૧,૩૫,૦૦૦ |
| અનામતો | ૧,૬૫,૦૦૦ | ૧,૧૧,૦૦૦ | પ્લાન્ટ-યંત્રો | ૨,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| ડિબેન્ચર્સ | ૧,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ફર્નિચર | ૧૦,૦૦૦ | ૧૨,૫૦૦ |
| લાંબા ગાળાની લોન | ૭૫,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | અન્ય કાયમી મિલકતો | ૧૨,૫૦૦ | ૧૫,૦૦૦ |
| દેવીહૂંડી | ૨૫,૦૦૦ | ૨૨,૫૦૦ | બૅન્ક સિલક | ૧૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| લેણદારો | ૫૦,૦૦૦ | ૬૦,૦૦૦ | લેણીહૂંડી | ૭૫,૦૦૦ | ૪૬,૦૦૦ |
| અન્ય ચાલુ દેવાં | ૨,૫૦૦ | ૫,૦૦૦ | દેવાદારો | ૧,૦૦,૦૦૦ | ૧,૨૫,૦૦૦ |
| | | | સ્ટૉક | ૧,૨૫,૦૦૦ | ૧,૭૫,૦૦૦ |
| | *૭,૧૭,૫૦૦* | *૮,૪૮,૫૦૦* | | *૭,૧૭,૫૦૦* | *૮,૪૮,૫૦૦* |

**અથવા**

૩ ટૂંકનોંધ લખો : ૧૩

વિવિધ પક્ષકારોનાં દૃષ્ટિબિંદુથી નાણાકીય પત્રકોનાં વિશ્લેષણનું મહત્ત્વ.

૪ કોર્પોરેટ ગવર્નન્સ પર ટૂંકનોંધ લખો. ૧૨

**અથવા**

૪ સારા કોર્પોરેટ ગવર્નન્સના મૂળ સિદ્ધાંતો જણાવો. ૧૨

૫ નીચેની માહિતી પરથી ગણો : ૧૨

(૧) પી.વી. ગુણોત્તર

(૨) સમતૂટ બિંદુ (રૂપિયામાં)

(૩) રૂ. ૧૫,૦૦,૦૦૦ના વેચાણે સંભવિત નફો.

(૪) રૂ. ૮૦,૦૦૦ની ખોટે સંભવિત વેચાણ.

(૫) વર્ષ ૨૦૦૫-૦૬ માટે સલામતી ગાળો :

| વર્ષ | પડતર રૂ. | નફો કે નુકસાન રૂ. |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૮,૨૦,૦૦૦ | –૨૦,૦૦૦ (નુકસાન) |
| ૨૦૦૫-૦૬ | ૧૧,૨૦,૦૦૦ | +૮૦,૦૦૦ નફો |

**અથવા**

૫ ટૂંકનોંધ લખો : (ગમે તે બે) ૧૨

(૧) મિલકત - દેવાં સંચાલનના ફાયદા

(૨) બનાવવું કે ખરીદવું.

(૩) વસ્તુનું ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય લેતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

(૪) નાણાકીય વિશ્લેષણના હેતુઓ.

## ENGLISH VERSION

Instruction : Write answer of MCQ questions in Answer Sheet.

### PART - I

**1** M.C.Q. : **20**

(1) Marginal cost is also known as ________ cost.

(A) Changing cost (B) Subsidiary cost

(C) Incremental cost (D) Economic cost

(2) The level where cost and revenue are in equilibrium is known as ________.

(A) Contribution (B) BEP

(C) Profit converge (D) MOS

(3) The present profit volume ratio is 40% if present selling price is reduced by 10% then how much sales volume must be increased in order to maintain current situation ?

(A) 25%
(B) 33.33%
(C) 40%
(D) 20%

(4) A firm may decide to manufacture a product by itself or they decide to buy it from the outside supplier, this type decision is called ________.

(A) Make of buy
(B) Expansion
(C) Shut down
(D) Diversification

(5) ALM is part of ________ for financial institutions.

(A) Financial management process
(B) Private process
(C) Operational activity
(D) None of above

(6) Which capital indicates the proportion of current assets for asset-debt management ?

(A) Fixed capital
(B) Borrowed capital
(C) Working capital
(D) Long term capital

(7) Risk of interest, Risk of credit, accidental Risk, etc falls under _______.

(A) Assets Risk
(B) Liability / debt Risk
(C) Financial Risk
(D) Managerial Risk

(8) At present the maximum production in the world are ________ oriented.

(A) Liability
(B) Expenses
(C) Capital
(D) Assets

(9) Which of the following effect is not shown in the financial statement of a Business Unit ?

(A) Controlled factors effect
(B) Internal factors effect
(C) External factors effect
(D) None of above

(10) Which of the following is not the technique of financial statement analysis ?

(A) Ratio analysis

(B) Common size statement

(C) Economic value added statement

(D) Comparative statements

(11) Which type of the following common size analyses is counted ?

(A) Dinamic analyse (B) Internal analyse

(C) External analyse (D) Static analyse

(12) The financial analysis is done by debtors, future, investors, private agencies etc is known as ________.

(A) Internal analysis

(B) Continuous analysis

(C) External analysis

(D) Static analysis

(13) Indian Accounting Standard AS-21 is applicable to ________ among the following.

(A) Foreign Subsidiary Company

(B) Indian Subsidiary Company

(C) (A) and (B) both

(D) None of the above

(14) Which of the following is considered as the base for establishing the relationship of the holding company and the subsidiary company ?

(A) Rate of dividend

(B) Number of shares bearing voting rights

(C) Authorised share capital

(D) Number of Managing Directors

(15) According to the Indian Companies Act what Section is applicable for preparation of consolidated balance sheet.

(A) Section 213

(B) Section 212

(C) Section 214

(D) None of the above

(16) Rana Ltd. acquired 60,000 equity shares out of 1,00,000 equity shares of Bhavna Ltd., what will be the interest of holding company ?

(A) 60% (B) 40%

(C) 100% (D) None of above

(17) According to the Panjwani Report India stood at what position in 2004 in Asia for corporate governance ?

(A) Third (B) First

(C) Fourth (D) Second

(18) The best Corporate Governance Award for the year 2003 was given in the two provate companies, they were _____.

(A) Tata Motors Ltd.

(B) Tata Steel Ltd.

(C) HDFC Ltd. and Reliance Ind. Ltd.

(D) Birla Cement Ltd.

(19) Which Indian Company was leading amongst the top ten companies in the year 2004 for corporate governance ?

(A) Infosys Ltd. (B) Wipro Co. Ltd.

(C) Reliance Ltd. (D) Tata Motors Ltd.

(20) Best corporate governance life time achivement awarded in 2003 was given to ________.

(A) Anil Ambani (B) Kumar Manglam Birla

(C) Shri Ratan Tata (D) Premji Aziz

## PART - II

**2** The Balance Sheet of Ankit Company Ltd. and Jit Company Ltd. as on Dt. 31-3-06 as are under : **13**

| *Liabilities* | *Ankit Ltd. Rs.* | *Jit Ltd. Rs.* | *Assets* | *Ankit Ltd. Rs.* | *Jit Ltd. Rs.* |
|---|---|---|---|---|---|
| Share capital : | | | Building | 3,00,000 | 2,00,000 |
| Equity share each | | | Plant | 1,00,000 | 40,000 |
| of Rs. 10 | 4,00,000 | 2,50,000 | Shares of | | |
| 10% Pref. share | | | Jit Ltd. | 1,50,000 | - |
| each of Rs. 100 | - | 1,00,000 | Deb. of Jit Co. | | |
| General Reserve | 50,000 | 20,000 | Ltd. | 30,000 | - |
| P & L A/c. | 80,000 | 30,000 | Debtors | 40,000 | 30,000 |
| 10% Debenture | 80,000 | 40,000 | Stock | 30,000 | 80,000 |
| Creditors | 70,000 | 20,000 | Advance of Jit | | |
| Outstanding | | | Co. Ltd. | 12,000 | - |
| (Ankit Co. Ltd.) | - | 10,000 | Cash-Bank | 18,000 | 1,20,000 |
| | ***6,80,000*** | ***4,70,000*** | | ***6,80,000*** | ***4,70,000*** |

Additional Information :

(1) Ankit Co. Ltd. has purchased 80% shares of Jit. Co. Ltd. on Dt. 1-4-05.

(2) Cheque of Rs. 3,000 sent by Jit Ltd. to Ankit Ltd. on 23-3-06 was received on 4-4-06.

(3) Profit of Jit Ltd. was Rs. 20,000 of year ending 31-3-2006.

(4) There is no change in general reserve after 1-4-2005.

Prepare Consolidated Balance Sheet.

**OR**

**2** Balance sheet of Ravi Ltd. and its subsidiary Mayank Ltd. as on 31-3-2011 are as under : **13**

| *Liabilities* | *Ravi Ltd. Rs.* | *Mayank Ltd. Rs.* | *Assets* | *Ravi Ltd. Rs.* | *Mayank Ltd. Rs.* |
|---|---|---|---|---|---|
| Equity share capital each of Rs. 100 | 25,00,000 | 15,00,000 | Land and building | 5,00,000 | 5,00,000 |
| | | | Machinery | 15,00,000 | 8,00,000 |
| 15% Pref. share capital | 5,00,000 | - | Furniture | 1,00,000 | 50,000 |
| | | | Investments | 10,00,000 | 50,000 |
| General Reserve | 3,00,000 | - | Stock | 4,00,000 | 3,00,000 |
| P and L A/c. | 4,00,000 | 2,00,000 | Debtors | 3,50,000 | 2,00,000 |
| Creditors | 2,00,000 | 2,50,000 | Bills receivable | 50,000 | 25,000 |
| Bills payables | 1,00,000 | 50,000 | Bank balance | 1,00,000 | 75,000 |
| | ***40,00,000*** | ***20,00,000*** | | ***40,00,000*** | ***20,00,000*** |

***Additional Information :***

(1) Ravi Ltd. has purchased 9000 equity share of Mayank Ltd. as on 1-10-2010 for which paid Rs. 9,00,000.

(2) The following balances was in the books of Mayank Ltd. as on 1-4-2010 P & L A/c. (Debit balance = Loss) Rs. 2,00,000, Machinery A/c. Rs. 10,00,000.

(3) Value of Machinery was Rs. 8,00,000 when Ravi Ltd. purchased the share at Mayank Ltd. but effect was not given in Balance Sheet.

(4) In the stock of Mayank Ltd. stock of Rs. 75,000 was purchased from Ravi Ltd. 25% profit was added on its cost price. Mayank Ltd. paid $3/5$ amount for that good up to 31-3-2011.

(5) Bills receivables of Rs. 25,000 is drawn by Ravi Ltd. on Mayank Ltd. in which Bills Receivables of Rs. 10,000 discounted in bank.

Prepare Consolidated Balance Sheet in the books of Ravi Ltd., do necessary calculation also.

3 The Balance Sheet of Santosh Ltd. for the year 2004 and 2005 are as follows. Prepare Comparative Balance Sheet from it and criticise on company's financial position. **13**

***Balance Sheets as on 31$^{st}$ Dec.***

| ***Liabilities*** | ***2004 Rs.*** | ***2005 Rs.*** | ***Assets*** | ***2004 Rs.*** | ***2005 Rs.*** |
|---|---|---|---|---|---|
| Share capital | 3,00,000 | 4,00,000 | Land-building | 1,85,000 | 1,35,000 |
| Reserve | 1,65,000 | 1,11,000 | Plant-Machinery | 2,00,000 | 3,00,000 |
| Debentures | 1,00,000 | 1,50,000 | Furniture | 10,000 | 12,500 |
| Long term Loan | 75,000 | 1,00,000 | Other fixed Assets | 12,500 | 15,000 |
| Bills payables | 25,000 | 22,500 | Bank balance | 10,000 | 40,000 |
| Creditors | 50,000 | 60,000 | Bills receivable | 75,000 | 46,000 |
| Other current liabilities | 2,500 | 5,000 | Debtors | 1,00,000 | 1,25,000 |
| | | | Stock | 1,25,000 | 1,75,000 |
| | ***7,17,500*** | ***8,48,500*** | | ***7,17,500*** | ***8,48,500*** |

**OR**

3 Write a short note : **13**

The importance of financial statements analyses with a various parties point of view.

4 Write a short note on Corporate Governance. **12**

**OR**

4 State the principles of Ideal corporate Governance. **12**

5 Calculate from the following data : **12**

(1) P. V. Ratio

(2) B. E. P. (in rupees)

(3) Expected profit at the sales of Rs. 15,00,000

(4) Expected sales at the loss of Rs. 80,000

(5) Margin of safety for the year 2005-06

| *Year* | *Cost* (*Rs.*) | *Profit or Loss* (*Rs.*) |
|---|---|---|
| 2004-05 | 8,20,000 | –20,000 (loss) |
| 2005-06 | 11,20,000 | +80,000 (profit) |

**OR**

**5** Write notes : (any two) **12**

(1) Merits of Assets - Liability Management

(2) To make or buy decision

(3) Matters to be considered during the taking decision of shut down the production.

(4) Objects of financial analyses.